બોમ્બ સ્ક્વોડ દ્વારા તપાસ કરાઈ પણ કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળી

ભરૂચ પાસપોર્ટ કચેરીઓને RDXથી ઉડાવવાની ધમકીથી તંત્ર હરકતમાં..!!

બે મહિના પહેલા કોર્ટને ઉડાવી દેવાની ધમકી બાદ ફરીવાર પાસપોર્ટ ઓફિસને ધમકીભર્યા ઈ-મેઈલથી સળવળાટ

(પ્રતિનિધિ) ભરૂચ,તા.27

આખા ગુજરાતમાં પાસપોર્ટ કચેરીઓને RDXથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળતા સુરક્ષા તંત્ર હરકતમાં આવ્યું છે.જેમાં ખુબ સેન્સેટીવ ગણાતા ભરૂચ શહેર આવેલી હેડ પોસ્ટ ઓફિસ ખાતે આવેલી પાસપોર્ટ કચેરીને પણ સમાન ઈ-મેઈલ મળતા તંત્ર દોડતું થઈ ગયું છે.

ધમકીભર્યો ઈ-મેઈલ હેડ પોસ્ટ ઓફિસના સુપરિન્ટેન્ડન્ટના અધિકૃત ઈ-મેઈલ આઈડી પર મળ્યો હતો.આ ઈ-મેઈલ મળતા જ કચેરીમાં કામ કરતા અધિકારીઓ અને કર્મચારીઓમાં ચિંતા જન્માવી દીધી હતી. તાત્કાલિક ધોરણે સુરક્ષાના પગલાં રૂપે કચેરી ખાલી કરાવી તમામ કર્મચારીઓ અને હાજર અરજદારોને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ બી-ડિવિઝન પોલીસ, SOG અને અન્ય પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો. ત્યારબાદ બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમે કચેરી તેમજ આસપાસના વિસ્તારમાં જઈને ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.આ સમગ્ર પ્રકરણમાં ધમકીભર્યો ઈ-મેઈલ કોણે અને કયા સ્થળેથી મોકલ્યો તેની દિશામાં સાયબર ક્રાઈમ શાખાએ તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે લગભગ બે મહિના પહેલા ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરી અને કોર્ટ કચેરીને ધમકી મળવાના બનાવો સામે આવ્યા હતા. હાલની ઘટનાના કારણે પાસપોર્ટ માટે પૂર્વનિયોજિત એપોઈન્ટમેન્ટ ધરાવતા વિવિધ જિલ્લાઓમાંથી આવેલા અરજદારોને અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો, અને શનિવાર અને રવિવારની રજાઓને કારણે છતાં પણ પોલીસ તંત્ર દ્વારા સઘન વોચ ગોઠવી દેવામાં આવ્યો છે.જો કે હાલની પ્રાથમિક તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

આજે લોર્ડ ભીખુ પારેખના હસ્તે 'રિલેશનશીપ ઈન્ટેલિજન્સ' પુસ્તકનું લોકાર્પણ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

ગુજરાતી ભાષામાં વિવિધ વિષયો પર ૧૯૨૬થી ઉત્તમ પુસ્તકોનું પ્રકાશન કરતી સંસ્થા આર. આર. શેઠ આ વર્ષે તેની સ્થાપનાનાં ૧૦૦ ગૌરવશાળી વર્ષ પૂર્ણ કરી રહી છે. ત્યારે ગુજરાતના મહત્વના શહેરોમાં ગુજરાતી ભાષાના ઉત્તમ લેખકોના પુસ્તકોના લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સંસ્થાની આ યશસ્વી યાત્રામાં વડોદરા શહેર અને તે સમયના ગાયકવાડ સ્ટેટ તેમજ સ્ટેટના લેખકોનો પણ ફાળો હતો. લેખક-પત્રકાર રાજ ગોસ્વામીના "રિલેશનશીપ Intelligence" પુસ્તકનું લોકાર્પણ તા. 28 ફેબ્રુઆરીને શનિવારના રોજ સાંજે ૬ વાગ્યે, વાસ્વિક ઑડિટોરિયમ, રેસકોર્સ ખાતે રાખવામાં આવ્યું છે. આ લોકાર્પણ પદ્મશ્રી લૉર્ડ ભીખુભાઈ પારેખ અને જાણીતા લેખક અને વક્તા કૃષ્ણકાંત ઉનડકટના હસ્તે કરવામાં આવશે. ઉપરાંત જાણીતા લેખકો, પત્રકારો, વ્યવસાયિકો અને પ્રબુદ્ધ નાગરિકો પણ ઉપસ્થિત રહેશે.

શ્રી અરવિંદ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ઓરોવિલ દિનની ઉજવણી

આજે શ્રી અરવિંદ નિવાસ, દાંડિયા બજાર ખાતે ફ્રોમ ધ હાર્ટ ઓફ ઓરોવિલ પ્રદર્શન યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.27

શહેરના દાંડિયા બજાર વિસ્તારમાં આવેલા શ્રી અરવિંદ નિવાસ ખાતે 28 ફેબ્રુઆરીને શનિવારના રોજ ધ હાર્ટ ઓફ ઓરોવિલ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ 1968માં ઓરોવિલની સ્થાપના કરાઈ હતી. જેથી ઓરોવિલ દિવસની ઉજવણીના ભાગરૂપે 28 ફેબ્રુઆરીના રોજ પ્રદર્શનનું આયોજન કરાયું છે.

શ્રી અરવિંદ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ફ્રોમ ધ હાર્ટ ઓફ ઓરોવિલ પ્રદર્શનમાં ઓરોવિલની ભાવના જનમાનસ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરશે. મુલાકાતીઓ ઓરોવિલના પ્રખ્યાત પોર્ટર્સ દ્વારા બનાવેલી સિરામિક્સ, ઓરોવિલ પેપરથી હાથથી બનાવેલી સ્ટેશનરી, કુશળ કારીગરો દ્વારા બનાવેલી હાથથી પેઈન્ટ કરેલી સાડીઓ, ઈરાદાપૂર્વક બનાવેલી મીણબત્તીઓ અને સ્વ-સંભાળ ઉત્પાદનો, ઓરોવિલ બેકરીથી બનાવેલ નાસ્તો, તેમજ બાળકોના રમકડાં અને કપડાં ખરીદી શકશે. વડોદરાનો શ્રી અરવિંદ સાથે ઐતિહાસિક સંબંધ છે, જેઓ તેર વર્ષ સુધી શહેરમાં રહ્યા હતા. તે દરમિયાન તેમણે બરોડા રાજ્યમાં સેવા આપી અને પ્રદેશના બૌદ્ધિક અને સાંસ્કૃતિક જીવનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

ઓરોવિલની કલ્પના એક આંતરરાષ્ટ્રીય ટાઉનશિપ તરીકે કરવામાં આવી હતી, જ્યાં વિશ્વભરના લોકો રાષ્ટ્રીયતા, ધર્મ અને રાજકારણની બહાર સુમેળમાં જીવી શકે. શ્રી અરવિંદ અને મીરા અલ્ફાસાના વિઝનથી પ્રેરિત ઓરોવિલની સ્થાપના સામૂહિક પ્રગતિ અને સભાન જીવનના જીવંત પ્રયોગ તરીકે કરવામાં આવી હતી. નોંધનીય છે કે, શ્રી અરવિંદ નિવાસ, દાંડિયા બજાર શાંત સાંસ્કૃતિક અને આધ્યાત્મિક જગ્યા છે. જેનો શ્રેય શ્રી અરવિંદ નિવાસના સેલ્સ એમ્પોરિયમને જાય છે.

સેમિફાઇનલમાં ટાઈ બાદ સુપર રેડમાં ચંદીગઢને પરાજય આપ્યો

42મી સિનિયર નેશનલ કબડ્ડી સ્પર્ધા રોમાંચક : રેલવેની ટીમ ચેમ્પિયન

ફાઇનલમાં મહારાષ્ટ્રને 49-31થી હરાવી રેલ્વેઝે ખિતાબ પર કબજો કર્યો

ચાર દિવસીય ચેમ્પિયનશિપમાં કુલ 39 લિગ અને 15 નોકઆઉટ મળી 54 મેચો રમાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

42મી સિનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશિપ 2026 (મેન્સ)ની અંતિમ મેચો આજે વડોદરામાં અત્યંત રોમાંચક રહી હતી. સમા ખાતે આવેલા એસએજી ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં રમાયેલી ફાઈનલમાં રેલ્વેની ટીમે મહારાષ્ટ્રને 49-31થી પરાજય આપી ચેમ્પિયન બનવાનું ગૌરવ મેળવ્યું હતું.

પ્રથમ સેમિફાઈનલમાં મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ વચ્ચે મુકાબલો થયો હતો, જેમાં મહારાષ્ટ્રે યુપીને 49-36થી હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. બીજી સેમિફાઈનલમાં રેલ્વે અને ચંદીગઢ વચ્ચે મુકાબલો ટાઈ રહ્યો હતો. બન્ને ટીમોના 38-38 પોઈન્ટ થતાં પાંચ-પાંચ રેડ રમાડવામાં આવ્યા, જેમાં રેલ્વેઝે 45-42થી જીત મેળવી ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.

ચાર દિવસીય આ ચેમ્પિયનશિપમાં કુલ 39 લિગ અને 15 નોકઆઉટ મળી 54 મેચો રમાઈ હતી. નોકઆઉટ રાઉન્ડમાં યુપી, મહારાષ્ટ્ર, રેલ્વેઝ અને ચંદીગઢે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ક્વાર્ટર અને સેમિફાઈનલ મુકાબલાઓમાં દર્શકોને ઉત્તમ કબડ્ડીનો આનંદ મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધાનું આયોજન *એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયા (AKFI)*ના નેજા હેઠળ ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોસિએશન અને વડોદરા કબડ્ડી એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું.

નાથદ્વારાથી પરત ફરતી કાર ટ્રક પાછળ ઘુસી જતાં એકનું મોત

(પ્રતિનિધિ) ભરૂચ,તા.27

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર પૂરઝડપે દોડતા વાહનો વચ્ચે ગમખ્વાર અકસ્માત સામે આવ્યો છે.જેમા આમોદ તાલુકાના કુરચણ ગામ નજીક એક XUV કાર ટ્રકની પાછળના ભાગે ધડાકાભેર અથડાતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે.

ભરૂચ જિલ્લાના નેત્રંગમાં રહેતા અને દર્શનાર્થી પરિવાર નાથદ્વારાથી ભગવાન શ્રીનાથજીના દર્શન કરી પોતાની XUV કારમાં પરત ફરી રહ્યા હતા. એ વેળા આમોદના કુરચણ ગામ પાસે એક્સપ્રેસવે પર આગળ જતી ટ્રકની પાછળ કાર ઘૂસી ગઈ હતી.અકસ્માત એટલો ભયાવહ હતો કે કારના આગળના ભાગનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો. આ દુર્ઘટનામાં કારમાં ખાલી સાઈડ પર બેઠેલા જયેશભાઈ વલ્લભભાઈ (ઉ.વ.51) ને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

ડેસર તાલુકાને બાળલગ્ન અને નશા મુક્ત બનાવવા તાલીમ યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

બાળ વિવાહમુક્ત ભારત અભિયાન અન્વયે હાલમાં ચાલી રહેલ ૧૦૦ દિવસીય વિવિધ થીમ આધારીત અભિયાન અંતર્ગત વડોદરા જિલ્લાના ગામડાંઓમાં બાળ વિવાહમુક્ત ભારત અભિયાન જાગૃતતા આવે અને નશા મુક્ત ભારત અભિયાન માટે આજરોજ વડોદરા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીની કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ અને મિરેકલ ફાઉંડેશન સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે તાલુકા સેવા સદન ડેસર ખાતેથી આંગણવાડી કાર્યકરની એક દિવસીય તાલીમનું આયોજન કરવામા આવ્યું હતું.

ડેસર તાલુકાના તમામ બાળકોની સુરક્ષાના હેતુ માટે પરિવાર મજબૂતીકરણ પોઈલોટ પ્રોજેક્ટ તરીકે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પસંદ કરાયેલ છે. આ તાલીમમાં આંગણવાડી કાર્યકરોને બાળકોના અધિકારો, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬, મિશન વાત્સલ્ય,નશા મુક્ત બનાવવા વિષય પર માહિતી આપી જાગૃત કરવામાં આવ્યા હતા.

આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અમિત વસાવા, મિરેકલ ફાઉંડેશનના જયેશભાઈ મુંધવા, સીડીપીઓ શ્રીહીનાબેન, જીતેન્દ્ર મહેરિયા પ્રોટેકશન ઓફિસર તથા ડેસર તાલુકાની તમામ ગામોની આંગણવાડી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

હજરત છોટે મસ્ત દાદા (રહે) 575 માં વાર્ષિક ઉર્સની ઉજવણી ધામધૂમથી કરાઈ

યાકુતપુરા વિસ્તારના અજબડી મીલ, કબાડી માર્કેટ, પાણીગેટ રોડ ખાતે આવેલ હજરત છોટે મસ્ત દાદા (રહે) ની ઐતિહાસિક દરગાહ શરીફનો 575 માં પરંપરાગત વાર્ષિક બે દિવસીય ઉર્સની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. જેમાં તારીખ 25 -2-2026 બુધવાર અને તારીખ 26-2- 2026 ગુરુવારના રોજ ક્રમશત્ અસરની નમાજ પછી હિન્દુ મુસ્લિમ અસંખ્ય શ્રદ્ધાળુઓની હાજરીમાં સલાતો સલામ સાથે દરગાહ ના મજાર પર પવિત્ર કાપડની અને ફૂલોની ચાદરો અને પવિત્ર સંદલ શરીફ ચડાવવામાં આવ્યું હતું. ઈફતારી) છોડાવવા માં અને ભરપેટ નિયાઝ સાથે મોડી સાંજે મહેફિલે શમાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. દરગાહ ના ખાદીમો જનાબ ઈદુશા બાપુ , ઈમામશા બાપુ , મોઈનશા બાપુ , રહીમશા બાપુ , અશપાકશા બાપુ , મુસ્તાકશા બાપુ તેમજ દુઆગો કાદરશા દિવાન, મિસ્કીનશા દિવાન , દરવેશશા દિવાન , જુનેદ બાપુ દિવાનની ઉપસ્થિતિમાં ઉજવણી કરવાં આવી હતી તેમ સામાજિક કાર્યકર મોહમ્મદ હુસેન મોન્ટુ મલેકે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

પાણી પરવાના રીન્યુ અંગેની જાહેરાત

આથી લાયસન્સ પ્લમ્બરશ્રીઓને જણાવવાનું કે વર્ષ ૨૦૨૬-૨૭, ૨૦૨૭-૨૮, ૨૦૨૮-૨૯ (તા.૦૧-૦૪-૨૦૨૬ થી તા.૩૧-૦૩-૨૦૨૯ સુધી) ત્રણ વર્ષ માટે પાણી પરવાના રીન્યુ કરવાની કાર્યવાહી તા.૦૧-૦૩-૨૦૨૬ થી તા.૩૧-૦૩-૨૦૨૬ સુધી કરવામાં આવનાર છે. જેથી પાણી પુરવઠા શાખામાં કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક સુધીમાં જરૂરી લાગત ભરી પાણીના પરવાના રીન્યુ કરાવી જવા જાણ કરવામાં આવે છે. **અન્યથા પરવાનો રદ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.** સદર ત્રણ વર્ષની રીન્યુઅલ ફી રૂ.૧૨,૦૦૦/- અંકે રૂપિયા બાર હજાર પૂરા રોકડા અથવા ડી.ડી. "મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વડોદરા" ના નામે સ્વીકારવામાં આવશે.

નોંધ:- ૧) સદર લાયસન્સ પ્લમ્બરશ્રીઓએ અત્રેની કચેરીમાં લાયસન્સ રીન્યુ કરાવવા પોતે રૂબરૂ આવવાનું રહેશે.

પી.આર.ઓ.નં.૧૨૫૨/૨૫-૨૬ કાર્યપાલક ઇજનેર(પા.પુ.)

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ડ્રેનેજ પરવાના રીન્યુ અંગેની જાહેરાત

આથી લાયસન્સ પ્લમ્બરશ્રીઓને જણાવવાનું કે વર્ષ ૨૦૨૬-૨૭, ૨૦૨૭-૨૮, ૨૦૨૮-૨૯ (તા.૦૧-૦૪-૨૦૨૬ થી તા.૩૧-૦૩-૨૦૨૯ સુધી) ત્રણ વર્ષ માટે ડ્રેનેજ પરવાના રીન્યુ કરવાની કાર્યવાહી તા.૦૧-૦૩-૨૦૨૬ થી તા.૩૧-૦૩-૨૦૨૬ સુધી કરવામાં આવનાર છે. જેથી ડ્રેનેજ પ્રોજેક્ટ શાખામાં કામ કાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક સુધીમાં જરૂરી લાગત ભરી ડ્રેનેજના પરવાના રીન્યુ કરાવી જવા જાણ કરવામાં આવે છે. **અન્યથા પરવાનો રદ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.** સદર ત્રણ વર્ષની રીન્યુઅલ ફી રૂ.૧૨,૦૦૦/- અંકે રૂપિયા બાર હજાર પૂરા રોકડા અથવા ડી.ડી. "મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વડોદરા" ના નામે સ્વીકારવામાં આવશે.

નોંધ:- ૧) સદર લાયસન્સ પ્લમ્બરશ્રીઓએ અત્રેની કચેરીમાં લાયસન્સ રીન્યુ કરાવવા પોતે રૂબરૂ આવવાનું રહેશે.

પી.આર.ઓ.નં.૧૨૫૩/૨૫-૨૬ કાર્યપાલક ઇજનેર- ડ્રેનેજ પ્રોજેક્ટ

1/1/2011 થી 26/2/2012 વચ્ચે જન્મેલી કિશોરીઓને રસી અપાશે

કિશોરીઓને ગર્ભાશયના મુખના કેન્સર સામે સુરક્ષિત કરવા આજથી HP વી. રસીકરણ

વડોદરા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલોમાં એચ. પી. વી. રસીકરણ સત્રો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.27

કિશોરીઓના આરોગ્યપ્રદ ભવિષ્ય અને ગર્ભાશયના મુખના કેન્સર જેવી ગંભીર બીમારી સામે રક્ષણ આપવાના ઉમદા હેતુ સાથે ભારત સરકાર દ્વારા ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬થી રાષ્ટ્રવ્યાપી એચ. પી. વી. રસીકરણ અભિયાનનો શુભારંભ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત વડોદરા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા સઘન આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં તારીખ ૦૧/૦૧/૨૦૧૧ થી ૨૯/૦૨/૨૦૧૨ વચ્ચે જન્મેલી તમામ કિશોરીઓને આ રસી આપી સુરક્ષિત કરવામાં આવશે. આ ઉપરાંત, જે કિશોરીઓ રસીકરણના પ્રારંભના ૯૦ દિવસમાં ૧૫ વર્ષ પૂર્ણ કરતી હોય, તેમને પણ આ ત્રણ મહિનાના સઘન અભિયાનમાં આવરી લેવામાં આવશે.

દીકરીઓના સર્વાંગી સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપતા આ અભિયાનમાં 'ગાર્ડાસિલ 4' નામની સુરક્ષિત રસીનો એક જ ડોઝ ડાબા હાથના ઉપરના ભાગે સ્નાયુમાં આપવામાં આવશે. આ રસી સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે, પરંતુ દીકરીના સુરક્ષિત ભવિષ્ય માટે વાલીઓની સંમતિ અનિવાર્ય રાખવામાં આવી છે. રસીકરણ બાદ કિશોરીની ઓળખ માટે તેની ડાબી તર્જની આંગળી પર અમીટ શાહીનું નિશાન પણ કરવામાં આવશે. વડોદરા જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પી. એચ. સી.), સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (સી. એચ. સી.), સબ-ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલો તેમજ સરકારી મેડિકલ કોલેજો ખાતે તબીબોની સીધી દેખરેખ હેઠળ આ રસીકરણ સત્રો યોજાશે.

આરોગ્ય વિભાગ દ્વારા ખાસ તાકીદ કરવામાં આવી છે કે, કિશોરીઓએ રસી લેવા આવતી વખતે ખાલી પેટે ન હોવું જોઈએ, વાલીઓએ ખાતરી કરવી કે દીકરી ઘરેથી નાસ્તો કરીને આવે અથવા સત્ર સ્થળ પર ઉપલબ્ધ નાસ્તાની સુવિધાનો લાભ લે. રસી લીધા બાદ ૩૦ મિનિટ સુધી કિશોરીને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. આ રસી સંપૂર્ણ સુરક્ષિત છે અને તેનાથી થતી સામાન્ય આડઅસરો જેવી કે હળવો તાવ કે ચક્કર બે દિવસમાં કુદરતી રીતે મટી જાય છે. કોઈપણ તબીબી સહાય કે માહિતી માટે ૨૪x૭ હેલ્પલાઈન નંબર ૧૦૪ કાર્યરત રહેશે. વડોદરા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તમામ હિસ્સેદારો અને સામાજિક સંસ્થાઓને આ સેવાયજ્ઞમાં જોડાઈને વડોદરાની પ્રત્યેક પાત્ર દીકરી આ રસીથી સુરક્ષિત બને તે સુનિશ્ચિત કરવા ભાવભરી અપીલ કરવામાં આવી છે.

વહીવટી તંત્ર જાગ્યું, ગોવાલી ગામે ગૌચરની જમીન પર ગેરકાયદે બાંધકામ પર તંત્રે બૂલડોઝર ફેરવ્યું

(પ્રતિનિધિ) ભરૂચ,તા.27

ઝઘડિયાના ગોવાલી ગામે કઠિતપણે સરકારી જમીન પરના ગેરકાયદે દબાણો દૂર કરવા માટે તંત્રએ કાયદાનો કોરડો વીંઝાયો છે.ગોવાલી ગામે સર્વે નંબર 169 વાળી સરકારી ગૌચરની કિંમતી જમીન પર ગેરકાયદે રીતે બાંધવામાં આવેલા બાંધકામ પર શુક્રવારે તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા અગાઉ આ ગેરકાયદે બાંધકામ દૂર કરવા માટે નોટિસ પાઠવી હતી.

ગોવાલી ગામની ગૌચર જમીન પર નિયાઝ ઉર્ફે નિયાઝબાપુ સમીર દિવાન દ્વારા ગેરકાયદે રીતે બાંધકામ કરવામાં આવ્યું હોવાની રજૂઆત જીલ્લા કલેક્ટરને કરવામાં આવી હતી. આ રજૂઆતના આધારે તપાસ હાથ ધરીને શુક્રવારે કડક પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલિશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. ડિમોલિશન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ઝઘડિયા પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે ખડકી દેવાયો હતો. ગોવાલી ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું.ભારે વિરોધની શક્યતાઓને જોતા તંત્રએ પૂર્વ તૈયારીઓ સાથે શાંતિપૂર્ણ રીતે ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યું હતું અને સરકારી જમીન ખુલ્લી કરાવી હતી.

સ્થાનિક રહીશો દ્વારા અગાઉ પણ ગૌચરની જમીન પરના દબાણો હટાવવા પ્રબળ માંગ કરવામાં આવી હતી. તંત્રની આ કાર્યવાહીથી ગૌચરની જમીન ખાલી થતા પશુપાલકો અને ગ્રામજનોમાં સંતોષ જોવા મળ્યો હતો.આ ઘટનાથી જિલ્લા વહીવટી તંત્રએ સ્પષ્ટ મેસેજ આપ્યો કે,સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું ખોટું દબાણ ચલાવી લેવામાં આવશે નહિ.

સ્વ. રવિન્દ્ર જૈનનાના 82મા જન્મદિવસની ઉજવણી ભાગરૂપે ગીતોનો કાર્યક્રમ

વડોદરા : શ્રી સરદારભવન ટ્રસ્ટ અને સંગીત પ્રેમી ગ્રૂપના સંયુક્ત ઉપક્રમે પ્રખ્યાત સંગીતકાર સ્વ. રવિન્દ્ર જૈનનાના 82મા જન્મદિવસ નિમિત્તે તા.28 ફેબ્રુઆરીના શનિવારે બપોરે 3 થી 6 સંગીતકાર રવિન્દ્ર જૈનના સદાબહાર ગીતોનો કાર્યક્રમ શ્રી સરદાર ભવન ટ્રસ્ટ, જ્યુબેલીબાગ પાસે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા નાગરીકોએ સમયસર હાજર રહેવા અને લેવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

ક્ષેત્રીય શાંતિ અને વૈશ્વિક સદભાવનાનો મંચ વડોદરામાં સજ્જ

રાષ્ટ્રીય સુરક્ષા જાગરણ મંચ દ્વારા દક્ષિણ એશિયાઈ દૃષ્ટિકોણ પર સંગોષ્ઠિ

રાષ્ટ્રીય સુરક્ષા, નાગરિક જાગૃતિ અને વ્યૂહાત્મક વિચારસરણી પર ભાર

(પ્રતિનિધિ) વડોદરા તા.27

રાષ્ટ્રીય સુરક્ષા જાગરણ મંચ (FANS), વડોદરા ચેપ્ટર દ્વારા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના કલાભવન સ્થિત ફેકલ્ટી ઑફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરિંગના ઓડિટોરિયમમાં "ક્ષેત્રીય શાંતિ અને વૈશ્વિક સદભાવના : દક્ષિણ એશિયાઈ દૃષ્ટિકોણ" વિષય પર ગૌરવમય સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ સંયોજક ડૉ. સુનીલ કહારે FANSને રાષ્ટ્રીય ચેતનાનું વૈચારિક આંદોલન ગણાવતા જણાવ્યું કે યુવાનો, શિક્ષણવિદો અને વ્યાવસાયિકોમાં રાષ્ટ્રીય સુરક્ષા તથા જવાબદારીની ભાવના વિકસાવવી એ મંચનો મુખ્ય હેતુ છે.

રાષ્ટ્રીય સંગઠન મહાસચિવ વિક્રમાદિત્ય સિંહે પાકિસ્તાનની આંતરિક અસ્થિરતા, બલૂચિસ્તાન અને પશ્તૂન વિસ્તારોમાં થતા અત્યાચાર તથા દક્ષિણ એશિયામાં સ્થાયી શાંતિ માટે દીર્ઘદૃષ્ટિ આધારિત વ્યૂહાત્મક વિચારસરણીની જરૂરિયાત પર ભાર મૂક્યો.

આમંત્રિત વક્તા કર્નલ વિનોદ કુમાર ફલિનકર (નિવૃત્ત)એ 1971ના યુદ્ધના અનુભવો શેર કરી રાષ્ટ્રીય સુરક્ષામાં નાગરિકોની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું. આતંકવાદ વિરોધી અભિયાન અને સરહદી સુરક્ષાના અનુભવો તેમણે રજૂ કર્યા.

કાર્યક્રમના અંતે ડૉ. અંશુલ ઉપાધ્યાયે આભારવિધિ કરી. સંગોષ્ઠિમાં 100થી વધુ ગણમાન્ય વ્યક્તિઓ, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.

(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)

સીઆઈએન: L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, ૭મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ 600031. ટેલિફોન: 91-44-45644000, ફેક્સ: 91-44-45644022

IDFC FIRST Bank

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરિ મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું છે . તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

અ. નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	લેણદારો અને સહ-લેણદારોના નામ	સેક્શન 13 (2) નોટિસની તારીખ	સેક્શન 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	63392694 & 115107456	મિલકતની સામે ઋણ	1. પરમાર રણજિતસિંહ પ્રતાપસિંહ 2. પરમાર કમળાબેન	18.02.2026	INR 2,31,428.35/-

**મિલકતનું સરનામું: ગ્રામ પંચાયત પ્રોપર્ટી નં. 98 ધરાવતા પાક્કા રહેણાંક મકાનનો તે તમામ ભાગ અને પાર્સલ, પ્રોપર્ટી એરિયા 750.00 ચોરસ ફૂટ. ગામ: ધાંતેજ (આનંદીના મુવાડા), તાલુકો સાવલી, જિલ્લો: વડોદરા, ગુજરાત-391530 ની ગામતળ જમીનમાં આવેલ છે, અને જેની સીમાઓ આ મુજબ છે: પૂર્વ: જાહેર રોડ, પશ્ચિમ: અર્જુનભાઈ પ્રતાપભાઈનો વાડો ઉત્તર: પ્રવિણભાઈ કુલાભાઈ